સીએનજી-પીએનજીમાં ભાવ ઘટાડો

રાજ્યમાં જી.એસ.પી.સી.ના સી.એન.જી. ગેસના ભાવમાં પ્રતિકિલો રૂ. ૧૦.૧૦નો ઘટાડો : પાઈપલાઈન્ડ ગેસના ભાવમાં પણ ઘટાડો : સીએનજી - પ્રવર્તમાન ભાવ રૂ. ૬૬.૩૦ પ્રતિ કિલો – નવો ભાવ રૂ. ૫૬.૨૦ પ્રતિ કિલો : ૨.૩૫ લાખ ઉપરાંત સી.એન.જી. વાહન વપરાશકારો ૧૨.૩૩ લાખ ઉપરાંત ગૃહ ગેસ વપરાશકારોને લાભ

ગાંધીનગર, તા.૧૯

રાજ્યમાં જીએસપીસીના સીએનજી ગેસના ભાવમાં પ્રતિકિલો ૧૦.૧૦ રૂપિયાનો મોટો ઘટાડો કરવામાં આવ્યો છે. પાઈપલાઈન મારફતે અપાતા ગેસના ભાવમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. સીએનજીના પ્રવર્તમાન ભાવ ૬૬.૩૦ પ્રતિકિલો છે. જ્યારે નવો ભાવ હવે ઘટીને ૫૬.૨૦ પ્રતિકિલો થશે. ઊર્જામંત્રી સૌરભ પટેલે આજે જણાવ્યું છે કે ગુજરાતના ૨.૩૫ લાખ ઉપરાંત સીએનજી વાહન વપરાશકર્તાઓને જીએસપીસી ગેસ કંપનીનો સીએનજી ગેસ રૂા. ૫૬.૨૦ પ્રતિકિલોના ભાવે મળશે, તથા ૧૨.૩૩ લાખ ઉપરાંત ગૃહ ગેસ વપરાશકારોને રૂા. ૨૩.૫૦ પ્રતિ એસસીએમના ભાવે પાઈપલાઈન ગેસ મળતો થશે.

પ્રવર્તમાન ભાવ અનુસાર ગુજરાતમાં સીએનજી ગેસ રૂા. ૬૬.૩૦ પ્રતિકિલોના ભાવે મળે છે.

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૭૯ | ૨૦ ડિસેમ્બર, ૨૦૧૩, શુક્રવાર; માગશર વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

આપણી પાસે કેટલું છે તેમાં નહીં પણ આપણે કેટલું માણી શકીએ છીએ તેમાં સુખ સમાયેલું છે
- ઉમેશ જોષી

NEWS બિટ્સ

નંદન નિલેકણીનું ૫૦ કરોડનું માતબર દાન

ગાંધીનગર, તા.૧૯

યુનિક આઈડી નંબર પ્રોજેકટથી દેશભરમાં જાણીતા બનેલા નંદન નિલેકણી અને તેમના પત્નિ રોહિણી નિલેકણીએ નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ ઈકોનોમિક રિસર્ચ (એનસીએઈઆર)ને ૫૦ કરોડનું માતબર દાન આપવાની જાહેરાત કરી છે. નિલેકણી હાલમાં એનસીએઈઆરના પ્રેસીડન્ટ છે. સંસ્થાના નવા સેન્ટર માટે તેમણે આ દાન આપ્યું છે.

નરેન્દ્ર મોદીની યુવાની પાત્ર વિવેક ઓબેરોય ભજવશે

ગાંધીનગર, તા.૧૯

હાલમાં ખુબ જ ચર્ચિત એવા રાજકારણી નરેન્દ્ર મોદી પર ટુંક સમયમાં હિન્દી ફિલ્મ બનશે. જેમાં ન.મો.ના યુવાનીના પાત્ર માટે અભિનેતા વિવેક ઓબેરોયની પસંદગી કરવામાં આવી છે. અમેરિકા નિવાસી મિતેશ પટેલ આ ફિલ્મનું નિર્માણ કરી રહ્યા છે. આ ફિલ્મમાં નરેન્દ્ર મોદીની મુખ્ય ભૂમિકા પરેશ રાવલ અદા કરશે.

જાવેદ અખ્તર, મૃદુલા ગર્ગને સાહિત્ય અકાદમી એવોર્ડ

ગાંધીનગર, તા.૧૯

હિન્દી ફિલ્મોના જાણીતા ગીતકાર અને એકિટવીસ્ટ જાવેદ અખ્તરને સાહિત્ય અકાદમીના એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે. આ વર્ષે જાહેર કરવામાં આવેલ સાહિત્ય અકાદમી એવોર્ડ માટેના નામોમાં હિન્દીના પ્રખ્યાત નવલકથાકાર મૃદુલા ગર્ગ તથા પ્રખ્યાત બંગાળી કવિ સુબોધ સરકાર તેમજ જાવેદ અખ્તરની પસંદગી કરવામાં આવી છે. અકાદમી તરફથી કવિતાના આઠ પુસ્તકો, ચાર નિબંધો, ત્રણ નવલકથા, બે લઘુકથા, બે પ્રવાસ વૃતાંત, એક આત્મકથા અને એક સ્મૃતિકથાને આ પ્રખ્યાત એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે.

ભાઈશ્રી રમેશ ઓઝાની સલાહથી મુકેશ અંબાણી નોન-વેજ બિઝનેસમાંથી નીકળી ગયા

મુંબઈ, તા.૧૯

વિદેશની એક કુવૈતીન કંપની સાથે મળીને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ નોન-વેજ ફુડ પ્રોડકટનો નફાકારક બિઝનેસ કરી રહ્યા હતા. રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સર્વેસર્વા મુકેશ અંબાણીએ તાજેતરમાં માંસાહારી ખોરાકને લગતા તમામ બિઝનેસમાંથી નીકળ જવાનો નિર્ણય લીધો છે. ફેલીમી ગુરૂ અને ભાઈશ્રી તરીકે જાણીતા રમેશ ઓઝાની સલાહથી મુકેશ અંબાણીએ આ નિર્ણય લીધો હોવાનું નજીકના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

ગાંધીનગરાઓના વાર્ષિક ૧૦૦ કરોડ બચશે

સીએનજી-પીએનજી ધારકો ખુશખુશાલ

ગાંધીનગર, તા. ૧૯

સીએનજી અને પીએનજીના ભાવ-ઘટાડાની આજે રાજ્ય સરકારે કરેલી જાહેરાતને પગલે ગાંધીનગરાઓના વાર્ષિક રૂ. ૧૦૦ કરોડ જેટલી રાહત થશે તેવા પ્રાથમિક અંદાજો મળ્યા છે.

રાજ્ય સરકારે સી.એન.જી.ના ભાવમાં રૂ. ૧૦.૧૦ પૈસાનો ઘટાડો કર્યો છે. શહેરમાં પાંચ હજાર જેટલા વાહનો સીએનજી આધારિત હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં હાલ ત્રણ સીએનજી ગેસના સ્ટેશનો છે. સીએનજીના ભાવમાં કરાયેલા ઘટાડાને કારણે જ વાહનધારકને માસિક રૂ. ૩૦૦ થી ૫૦૦ ની બચત થવાનો અંદાજ મુકવામાં આવી રહ્યો છે.

બીજી તરફ ગાંધીનગર શહેરમાં ૩૦ હજાર જેટલા પીએનજી ગેસધારકોને રૂ. ૨ થી લઈ રૂ. ૯.૪૫ સુધીનો ઘટાડો કરાયો હોવાથી મોટી બચત થશે. આમ એક અંદાજ પ્રમાણે ગૃહીણીઓની બચત પણ વધશે. પ્રવર્તમાન ગૃહ વપરાશનો ગેસ રૂ. ૨૫.૫૦ થી રૂ. ૪૦ પ્રતિ એસ.સી.એમ.ના ભાવે મળે છે. તેમાં રૂ. ૨ થી લઈ રૂ. ૯.૪૫ સુધીની બચત થશે.

સી.એન.જી. ગેસના આ નવા ભાવમાં તમામ વેરાઓનો સમાવેશ થયા બાદ રૂ. ૫૬.૨૦ પ્રતિકીલોના ભાવે વાહનધારકોને ગેસ પ્રાપ્ત થશે. ગૃહ ગેસ વપરાશકર્તાઓ માટેના ભાવમાં બે મહિનામાં ૩૬ એસ.સી.એમ.ના વપરાશ સુધી રૂ. ૨૩.૫૦ તથા તેથી વધુ એસ.સી.એમ.ના વપરાશ માટે રૂ. ૩૦.૫૫ના ભાવે પાઈપલાઈન ગેસ મળશે. આમ, ગૃહ ગેસ વપરાશકારો માટે નવા ભાવ અનુસાર રૂ. ૨ થી ૯.૪૫ સુધીનો ઘટાડો થશે. પાઈપલાઈન ગેસના આ ભાવોમાં વેરાનો સમાવેશ થતો નથી પણ સૂત્રોએ જણાવ્યું હતું.

ભારત સરકારે સર્વોચ્ચ અદાલતે ગુજરાતની તરફેણમાં આપેલા ન્યાયીક ચૂકાદા બાદ સી.એન.જી. અને પી.એન.જી.ના રાજ્યમાં વપરાશના ૮૦ ટકા સસ્તો ગેસ આપવા સહમતિ દર્શાવી હતી. અને આ માટેની કટ ઓફ ડેટ ૩૧ માર્ચ-૨૦૧૩ તય કરી હતી. એ વેળાએ રાજ્યમાં ૭ લાખ સ્ટાન્ડર્ડ ક્યૂબિક મીટર પર-ડે ના વપરાશના ૮૦ ટકા પ્રમાણે કેન્દ્ર સરકારે ૫.૬ લાખ સ્ટાન્ડર્ડ ક્યૂબિક મીટર પર-ડે

● અનુસંધાન પાન-૭ પર

ધુમ્મસથી છવાયું ગાંધીનગર

(તસવીર : દિપક જાની)

ધુમ્મસભર્યા વાતાવરણ વચ્ચે ઠંડીમાં ઘટાડો

છેલ્લા બે દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ચાર ડિગ્રીનો વધારો

ગાંધીનગર, તા. ૧૯

વહેલી સવારના ધુમ્મસભર્યા માહોલની વચ્ચે વાતાવરણમાં પુનઃ પલ્ટો આવ્યો છે. લઘુત્તમ તાપમાન વધતા ઠંડી ઘટી છે. આજે લઘુત્તમ તાપમાન ૧૩.૫ ડિ.સે. નોંધાયું હતું.

છેલ્લા એક અઠવાડિયાથી લઘુત્તમ તાપમાન ૯ અને ૧૦ ડિગ્રીની વચ્ચે સ્થિર રહ્યુ હતુ. પરંતુ છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલ્ટો આવતા ઠંડીમાં ઘટાડો થયો છે. વળી વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતા વહેલી સવારે ઝાકળવર્ષા થાય છે. સવારે તો એટલુ બધુ ધુમ્મસ હોય છે કે માર્ગો પર દૂર સુધી જોઈ શકાતુ નથી. વહેલી સવારે બહાર નીકળતા વાહનચાલકોએ પરેશાની ભોગવવી પડી હતી. ધુમ્મસ અને ઝાકળ વર્ષાના કારણે માર્ગો ભીના થઈ ગયા હતા. જાણે વરસાદના ફોરા પડ્યા હોય તેવું લાગતું હતું. સવારે છેક તડકો ઉંચે ચઢ્યો પછી ધુમ્મસ ઓછુ થયું હતું. ભેજ વધ્યો છે સાથે જ લઘુત્તમ તાપમાન ૧૩.૫ ડિ.સે. જેટલુ થયું છે. બે દિવસમાં જ લઘુત્તમ તાપમાનમાં ૪ ડિગ્રી જેટલો વધારો થયો છે. જો કે મહત્તમ તાપમાન સામાન્ય કક્ષાએ પહોંચી રહ્યું છે. મહત્તમ તાપમાન આજે ૨૯.૫ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૮૯ ટકા અને સાંજે ૩૯ ટકા નોંધાયું હતું.

હડતાલ - બી. જે. કોલેજમાં વિદ્યાર્થીઓ આજે એકાએક હડતાલ પર ઉતરી ગયા હતા. રેગીંગના પ્રશ્ને ત્રણ વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવાના નિર્ણય સામે વિદ્યાર્થીઓએ હડતાલનું શસ્ત્ર ઉગામ્યું હતું. રેગીંગના મામલે સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓએ જાગૃત બની ચોકકસ નીતિ ઘડવાનો સમય આવી ચૂક્યો છે. સરકાર માત્ર નિયમો બનાવી દે છે પરંતુ અમલનો વિષય કોલેજો અને વાલીઓએ સાથે મળીને કરવો જોઈએ.

જિલ્લા પંચાયત પણ હવે પોતાના માટે કલ્યાણકારી ગોલ્ડન ગોલ નક્કી કરશે

જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેકવાન વહીવટીય પ્રથામાં આમૂલ પરિવર્તન માટે કટિબદ્ધ : અધિકારીઓ સાથે બેઠકોનો દોર : ગોલ્સની સિદ્ધિ માટે દર ૩ મહિને સમીક્ષા કરવાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયત પણ હવે રાજ્ય સરકારની જેમ જુદી જુદી શાખાઓ માટેના ગોલ્ડન ગોલ્સ નક્કી કરી અને વિકાસ કૂચને વેગીલી બનાવાવની દિશામાં આગળ વધશે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાને વહીવટીય પરિભાષામાં આમૂલ પરિવર્તન લાવવા માટેનું મન બનાવી લીધુ છે અને દરેક શાખાઓને તેમના વાર્ષિક લક્ષ્યાંકો નિયત કરી તેના અમલ માટેનો રોડમેપ તૈયાર કરવા સૂચવ્યું છે.

પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાવિકાસ અધિકારીશ્રીએ આ અંગે શાખાધિકારીઓ સાથે પ્રાથમિક ચર્ચાનો દોર પુરો કર્યો છે અને હવે પછી બજેટ તૈયાર કરવા માટે બોલાવેલી બેઠકમાં આ મુદ્દે અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી બજેટ તૈયાર કરવા જણાવવામાં આવશે.

પંચાયતી રાજ વ્યવસ્થાપનમાં

● અનુસંધાન પાન-૭ પર

GPSC-1/2 PSI
ક્લાર્ક, તલાટી
તમામ બેચમાં પ્રવેશ ચાલુ છે.
પરીક્ષા સુધીનો કોર્ષ
TCCI EDUCATION PVT. LTD. ૧૯ વર્ષનો અનુભવ
ઓફિસ સમય 9.30 a.m. to 5.00 p.m.
ગાંધીનગર - 9537614607
મહેસાણા - 9537614606

સરકારી નોકરી મેળવવા
GPSC-1/2, BANK, PSI, તલાટી, ક્લાર્ક, વગેરે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે
: નવી બેચનો પ્રારંભ :
22/12/2013 રવિવારથી (સમય - સવારે 8 થી 10)
: વિશેષતા :
• ગણિત - અંગ્રેજી પર વિશેષ ભાર મૂકી પાયાથી જ શિખવવામાં આવશે.
• અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરેલ તથા વર્ષોનો અનુભવ ધરાવતી નિષ્ણાંત ફેકલ્ટીઝ.
• સોમથી શનિ દરરોજ 2 કલાકનું ટીચીંગ
• GPSC-1/2 સુધીના તમામ વિષયોનું ટીચીંગ
• સંપૂર્ણ મટીરીયલ સંસ્થા તરફથી અપાશે.
• દરરોજ લેવાતી ટેસ્ટ દ્વારા સતત સ્વમૂલ્યાંકન.
પ્રવેશ માટે સંપર્ક 99256 98721
વિવેકાનંદ એકેડમી
677, બીજો માળ, ઇન્કમટેક્સ સામે, મુખ્ય શોપીંગ સેન્ટર, સેક્ટર-22, ગાંધીનગર